RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 278, Dt.11-2-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વડાપ્રધાન મોદીનું ફ્રાંસમાં રેડ કાર્પેટ સ્વાગત

## ગાઢ સંબંધોનાં દર્શનઃ એન ઈવનિંગ ઈન પેરિસ દિલ–દોસ્તી– ડિનર ડિપ્લોમસી : પીએમના માનમાં રાષ્ટ્રપતિ મેક્રોને યોજ્યુ ડિનર : ગળે લગાવી સ્વાગત : આજે એઆઈ શિખર સંમેલન : રાત્રે અમેરિકા જશે પીએમઃ પ્રધાનમંત્રી મોદીએ એક પોસ્ટમાં કહ્યું, 'પેરિસમાં એક યાદગાર સ્વાગત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસની મુલાકાતે ફ્રાન્સ પહોંચ્યા. અહીં તેઓ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે 'એઆઈ એક્શન સમિટ'નું સહ-અધ્યક્ષતા કરશે. આ સમયગાળા દરમિયાન તેઓ તેમની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. ફ્રાન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પેરિસમાં અંઈ સમિટના સહ-અધ્યક્ષતાપદેથી પહેલા સ્વાગત રાત્રિભોજનમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા તેમનું આલિંગન કરીને સ્વાગત કરવામાં આવ્યું. પીએમ મોદીએ સોમવારે 'ડ' પર લખ્યું: "પેરિસમાં મારા મિત્ર રાષ્ટ્રપતિ મેક્રોનને મળીને આનંદ થયો." પ્રધાનમંત્રીએ રાત્રિભોજનમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને પણ મળ્યા. વાન્સ પણ અંઈ સમિટમાં હાજરી આપવા માટે ફ્રાન્સમાં છે.

''વડાપ્રધાન મોદીએ પેરિસમાં રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ સાથે વાતચીત કરી, વડા પ્રધાન કાર્યાલયે 'ડ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

પ્રધાનમંત્રી મોદી સોમવારે ત્રણ દિવસની મુલાકાતે ફ્રાન્સ પહોંચ્યા હતા જ્યાં તેઓ ફ્રેન્ચ રાષ્ટ્રપતિ સાથે 'એઆઈ એક્શન સમિટ'નું સહ-અધ્યક્ષતા કરશે અને તેમની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. પ્રધાનમંત્રીનું હોટેલમાં આગમન થતાં ભારતીય સમુદાય દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

પ્રધાનમંત્રી મોદીએ એક પોસ્ટમાં કહ્યું, 'પેરિસમાં એક યાદગાર સ્વાગત!' ઠંડી હોવા છતાં, ભારતીય સમુદાયે આજે સાંજે પોતાનો પ્રેમ દર્શાવ્યો. અમે અમારા વિદેશી સમુદાયના આભારી છીએ અને તેમની સિદ્ધિઓ પર ગર્વ અનુભવીએ છીએ!

ફ્રાન્સ જતા પહેલા પોતાના નિવેદનમાં મોદીએ કહ્યું, હું વિશ્વ નેતાઓ અને વૈશ્વિક ટેકનોલોજી



સીઈઓનું એક પરિષદ, અંઈ એક્શન સમિટના સહપ્રઅધ્યક્ષપદ માટે આતુર છું, જ્યાં આપણે સમાવિષ્ટ, સુરક્ષિત અને વિશ્વસનીય રીતે નવીનતા અને વ્યાપક જાહેર હિતને આગળ વધારવા માટે અંઈ ટેક્નોલોજી પ્રત્યે સહયોગી અભિગમ પર વિચારો શેર કરીશું.

મોદી અને મેક્રોન પ્રતિનિધિમંડળ સ્તરે પણ વાતચીત કરશે. આ પછી, બંને ભારતપ્રફ્રાન્સ સીઈઓ ફોરમને સંબોધિત કરશે. બુધવારે, બંને નેતાઓ પ્રથમ વિશ્વયુદ્ધમાં પોતાના જીવનનું બલિદાન આપનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા માટે મઝારગ્યુસ યુદ્ધ સ્મારકની મુલાકાત લેશે. તેઓ માર્સેલીમાં ભારતના નવા કોન્સ્યુલેટ જનરલનું ઉદઘાટન કરશે. અધિકારીઓના મતે, મોદીની ફ્રાન્સની આ છઠ્ઠી મુલાકાત છે. પીએમ મોદી તેમના બે દેશોના પ્રવાસના બીજા તબક્કામાં ફ્રાન્સથી અમેરિકા જશે.

# ૧૫થી ૨૦ વર્ષ કે તેથી જૂના બાઈક – મોટર તથા કોમર્શિયલ વાહનોની રીન્યુઅલ ફીમાં ધરખમ વધારો

## કેન્દ્રની દરખાસ્ત : જૂના વાહનો ચલાવવા મોંઘા પડે તેવો વ્યુહ : તમામ રીન્યુઅલ ચાર્જ ૨૦૦%થી વધુ વધ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં માર્ગો પર દોડતા જૂના વાહનોથી સર્જાતા પ્રદુષણ તથા વધુ પડતા ઈંધણનો વપરાશ સહિતની સમસ્યા સામે સરકારે બનાવેલી સ્ક્રેપ પોલીસી હજુ શરુ થઈ શકી નથી અને ૧૫ વર્ષ કે તેથી જૂના વાહનો હજુ માર્ગ પર બિન્દાસ દોડે છે.

તે સમયે હવે કેન્દ્રીય ટ્રાન્સપોર્ટ મંત્રાલયે એક ડ્રાફટ નોટીફીકેશનમાં જૂના વાહનોના રજીસ્ટ્રેશન રીન્યુઅલ કરવા માટેની ફીમાં મોટો વધારો કર્યો છે. આ પ્રકારના વાહન ચાલકોન જૂના વાહનો નમોંઘાથ પડે તે જોવામાં આવી રહ્યું છે. વાહનો માટેના બીએસ-ટુ માપદંડ અમલમાં આવ્યા તે પુર્વેના વાહનોને આ નવી પ્રસ્તાવીત જોગવાઈ લાગુ પડશે.

૨૦ વર્ષ કે તેથી જૂના મોટરસાયકલ અને કારના રજીસ્ટ્રેશન રીન્યુઅલ હવે મોંઘુ બનશે. મોટરસાયકલ માટે આ ફી રૂા.૨૦૦૦ અને કાર માટે રૂા.૧૦૦૦૦ કરવામાં આવી છે. ૧૫ વર્ષ કે તેથી જૂના વાહનો ને ચલાવવું મોંઘુ પડે તે રીતે આ નવો પ્રસ્તાવ તૈયાર કરાયા છે. મીડીયમ અને હેવી કોમર્શિયલ વાહનો માટેની ફી રૂા.૧૨૦૦૦ અને રૂા.૧૮૦૦૦ કરવામાં આવી



છે.જો તે વાહનો ૨૦ વર્ષ કે તેથી વધુ જૂના હશે તો તેની ફી રૂા.૨૪૦૦૦ અને રૂા.૩૬૦૦૦ થઈ જશે. જો કે દિલ્હીમાં ૧૦ વર્ષ કે તેથી જૂના વાહનો દોડાવવા પર પ્રતિબંધ યથાવત રહેશે. સરકારે અગાઉ રીન્યુઅલ ફીમાં વધારો કર્યો હતો પણ તેમાં મીડીયમ, હેવી, કોમર્શિયલ વાહનોનો સમાવેશ કરાયો ન હતો. હાલના જે રીન્યુઅલ ચાર્જ છે તે ૨૦ વર્ષ પુર્વે નિશ્ચિત થયા હતા. ઓલ ઈન્ડીયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસે કોમર્શિયલ વાહનોની રીન્યુઅલ રજીસ્ટ્રેશન ફી વધારાની દરખાસ્તને વધુ પડતી ગણાવી હતી.

# કાલે માઘ પૂર્ણિમાએ પ્રયાગરાજમાં તમામ વાહનોને No Entry

**મુખ્ય સમાચાર,પ્રયાગરાજ**

આવતીકાલે બુધવારે માઘ પૂર્ણિમાએ મહાકુંભમાં સ્નાન પર્વનું મહત્વ હોઈ મહાકુંભ મેળા ક્ષેત્રમાં અને પ્રયાગરાજમાં દરેક પ્રકારના વાહનોની એન્ટ્રી પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. છેલ્લા કેટલાય દિવસોથી મહાકુંભમાં આવવા માટે જે મહા ટ્રાફિક જામ સર્જાયો છે ત્યારે પરીસ્થિતિ વિકટ ન બને તે માટે પ્રશાસને આ મોટો નિર્ણય લીધો છે.

બીજી બાજુ મહાકુંભમાં શ્રદ્ધાળુઓની ભીડને જોતા ભારે વાહનોની પ્રયાગરાજમાં નો એન્ટ્રીના કારણે શહેરમાં ખાદ્યાન્ન સંકટ પેદા થવા લાગ્યું છે. લોટ, મેંદો, સોજીના મોટાભાગના ભંડારો ખતમ થવા લાગ્યા છે. પાંચ-દસ કિલોની લોટની ગુણીને સ્ટોક નથી બચ્યો, જયાં પણ આ ગુણી મળી રહી છે ત્યાં ભાવ વધી ગયા છે.

પ્રયાગરાજમાં બધા પ્રકારના વાહનોને નો એન્ટ્રીઃ પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં છેલ્લા એક-બે દિવસમાં અચાનક શ્રદ્ધાળુઓનો ટ્રાફિક વધી જતા ભયાનક સમસ્યાઓ ખડી થઈ ગઈ છે. માર્ગો પર કેટલાય કિલોમીટર ટ્રાફિક જામ થઈ ગયો છે. જેના કારણે અનેક સમસ્યાઓ પેદા થઈ રહી છે. વાહનચાલકો, સ્થાનિક લોકો, યાત્રાળુઓ પરેશાન થઈ ગયા છે.

આવતીકાલે બુધવારે માઘ પૂર્ણિમાએ શ્રદ્ધાળુઓની સંખ્યા વધવાને લઈને પોલીસે ટ્રાફિક અને ડાયવર્ઝન પ્લાન લાગુ કર્યો છે. જે અંતર્ગત



મહાકુંભ મેળા ક્ષેત્રમાં સોમવારે રાત્રે ૮ વાગ્યાથી જ બધા પ્રકારના વાહનોની એન્ટ્રી પર પ્રતિબંધ લગાવી દીધો હતો. માત્ર પ્રશાસનિક અને તબીબી વાહનો (એમ્બ્યુલન્સ)ને મેળા ક્ષેત્રમાં પ્રવેશની છુટ અપાઈ છે.

આ વ્યવસ્થા ૧૩ ફેબ્રુઆરીની સવારે ૮ વાગ્યા સુધી અથવા ભીડ ઘટી જાય ત્યાં સુધી કરાઈ છે. બીજી બાજુ ભારે ટ્રાફિક જામના કારણે પ્રયાગરાજ શહેરની કફોડી સ્થિતિ બની છે. વાહનોની નો એન્ટ્રીના કારણે જીવન જરૂરિયાતની વસ્તુઓની અછત સર્જાઈ છે. પેટ્રોલપંપો ખાલી થઈ ગયા છે. ખાદ્ય પદાર્થો પુરી પડયા છે. દૂધનું સંકટ પણ પેદા થયું છે.

# રાજકોટ મનપાનું રૂ. ૩૧૧૮ કરોડનું બજેટ સ્ટે. કમિટીમાં મંજૂર

## કમિશનરે કર દરમાં સૂચવેલો ૧૫૦ કરોડનો વધારો ફગાવાયોઃ ૨૦ નવી યોજનાઓનો ઉમેરોઃ ત્રણ સ્થળે ફૂટ ઓવરબ્રિજ બનશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાનગરપાલિકાનું રૂા. ૩૧૧૨.૨૮ કરોડનું સુચિત બજેટ કમિશનર દ્વારા રજૂ કરવામાં આવેલ જેનો સ્ટેન્ડીંગ કમિટીમાં અભ્યાસ કર્યા બાદ કરોડના કરબોજને ફગાવી સ્થાયી કરોડનું બજેટ સર્વાનુમતે મંજુર કર્યુ હતું. ઉમેરો કરી કમિશનરે સુચવેલ બજેટના કરવામાં આવ્યું છે જે આગામી

મ્યુનિસિપલ કમિશનર દ્વારા બજેટ સ્ટેન્ડીંગ કમિટિને સુધી બજેટનો અભ્યાસ મંજુરીની મહોર મારી તેમજ ડોર ટુ ડોર અ ન કરોડનો



કમિશનર દ્વારા સુચવવામાં આવેલા અલગ અલગ પ્રકારના ૧૫૦ સમિતિએ આજે નવી ૨૦ યોજના સાથેનું રૂા. ૩૧૧૮.૦૭ તેમજ આવક વધારવા રૂા. ૯૫.૯૨ કરોડની નવીયોજનાનો કદમાં રૂા. ૬ કરોડનો વધારો કર્યો છે. આજે બજેટ મંજુર સપ્તાહે બજેટ બોર્ડમાં રજૂ કરવામાં આવશે.

તા. ૩૧ના રોજ રૂા. ૩૧૧૨.૨૮ કરોડનું સુચિત સુપ્રત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ એક સપ્તાહ કર્યા બાદ સ્ટેન્ડીંગ કમિટિએ ફાઈનલ બજેટને હતી. સુચિત બજેટમાં મિલ્કતવેરા, વાહનવેરા ગારબેજ કલેક્શન તથા એનવાયરમેન્ટ ચાર્જ વધારાનો ફાયર ટેક્સની જોગવાઈ કરી રૂા. ૧૫૦ કરબોજ પ્રજાજનો ઉપર લાદવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિએ બજેટના દરેક પાસા અંગે ચર્ચા કરી પ્રજા ઉપર લાદવામાં આવેલ ભારણ રદ કરવામાં આવ્યુ હતું. આજે કમિશનરે રજૂ કરેલા રૂા. ૩૧૧૨.૨૮ કરોડના બજેટના કદમાં રૂા. ૬ કરોડનો વધારો કરી સ્થાયી સમિતિએ કુલ રૂા. ૩૧૧૮.૦૭ કરોડનું બજેટ સર્વાનુમતે મંજુર કર્યુ હતું.

કમિશનર દ્વારા મહેસુલ ખર્ચને પહોંચી વળવા માટે મિલ્કતવેરા સહિતના વેરામાં રૂા. ૧૫૦ કરોડનો કરબોજ સુચવેલ હતો. જેનો સ્થાયી સમિતિ દ્વારા ગહન વિચાર વિમન્સ કરી શહેરીજનો પર વધારાનો એક પણ રૂપિયાના કરબોજ નાખવાના બદલે મહાપાલિકામાં હાલના આવકના સ્રોતને વધુ મજબુત કરવા તેમજ આવકના નવા સ્રોત ઉભા કરવા તથા મુડી અને મહેસુલી ખર્ચમાં જરૂરી કાપ મુકવો વગેરે મુદ્દાને ધ્યાનમાં લઈ કમિશનરે સુચવેલા નવા કરબોજ તેમજ ચાલુ કરબોજમાં વધારા અંગેની તમામ દરખાસ્તો ફગાવવામાં આવીહ તી. અને બજેટના કદમાં રૂા. ૬ કરોડનો વધારો કરી રૂા. ૫૫.૯૨ કરોડની નવી ૨૦ યોજનાનો ઉમેરો કરવામાં આવ્યો છે. તેમજ જુદા જુદા મહેસુલી ખર્ચમાં કરકસરના ભાગરૂપે જરૂરી કાપ મુકી રૂા. ૩૧૧૮.૦૭ કરોડનું બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું.

અગાઉ રજૂ કરેલા રાજકોટ મહાનનગરપાલિકાના બજેટમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા એનવાયરમેન્ટ ચાર્જ ઉપરાંત હયાત પાણી વેરામાં પણ બમણાથી વધારે વધારો સુચવાયો હતો પરંતુ સ્ટેન્ડિંગ કમિટીમાં આ તમામ વધારા ફગાવી દેતાં રાજકોટવાસીઓને મોટી રાહત મળી છે. આ ઉપરાંત વધારાના ૧૫૦ કરોડના કરબોજની જગ્યાએ ૫૫ કરોડના નવા ૨૦ કામો ઉમેરવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬નું રૂ. ૩૧૧૮.૨૮ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કર્યું છે. કમિશનર તરફથી ડ્રાફ્ટ બજેટમાં કરદરમાં સૂચવાયેલો રૂ. ૧૫૦ કરોડનો વધારો કમિટીએ ફગાવી દીધો છે અને



(તસ્વીરઃ આનંદ જાવિયા)

### કદમાં ૬ કરોડનો વધારો કરી ૫૫.૯૨ કરોડના નવા કામ જોડવાનો નિર્ણયઃ ત્રિકોણબાગ સહિત ત્રણ ચોકમાં ફરી સ્કાયવોક – ફટ બ્રિજ બનાવવા વિચારઃ એડવાન્સ વેરો ભરતા પૂર્વ સૈનિકો અને આવતા વર્ષે જન્મ લેનારા બાળકોના નામે વૃક્ષારોપણઃ વિદ્યાર્થીનીઓને ફ્રી કેન્સર વેકસીન : થીમ બેઝડ ઓકિસજન પાર્ક–મોડર્ન ફુડ કોર્ટનું નિર્માણ

બજેટમાં ૬ કરોડનો વધારો કરી કુલ નવી ૨૦ યોજનાઓ ઉમેરવામાં પણ આવી છે. ગુજરાતમાં સૌ પ્રથમ રાજકોટ મનપામાં કમિશનરે ફાયર ટેક્સનું સૂચન કર્યું હતું. પરંતુ, તે પણ સ્ટેન્ડિંગ કમિટીએ ફગાવી દીધો છે.

રાજકોટ મનપા કમિશનર દ્વારા રજૂ કરાયેલ ડ્રાફ્ટ બજેટમાં આ વખતે જંગી વધારો ઝીકવામાં આવ્યો હતો. મકાનવેરામાં રહેણાંક મિલકતોમાં પ્રતિ ચોરસ મીટરમાં ૪ રૂપિયાનો વધારો કરી ૧૧ ના બદલે ૧૫ રૂપિયા કરવા સૂચન કરાયું હતું. જ્યારે બિન રહેણાંક મિલકતોમાં પ્રતિ ચોરસ મીટરમાં ૫ રૂપિયાનો વધારો કરી ૨૫ના બદલે ૩૦ રૂપિયા કરવા સૂચન કરાયું હતું. જે વધારો સ્ટેન્ડિંગ કમિટીએ રદ કરી જૂનો દર યથાવત રાખ્યો છે.

રાજકોટમાં ફાયર ટેક્સ વસુલવાની શરૂઆત કરવા સૂચન કરાયું હતું. જેમાં રહેણાંક મિલ્કતો માટે પ્રતિ ચોરસ મીટર ૧૫ રૂપિયા તથા બિન રહેણાંક માટે પ્રતિ ચોરસ મીટર ૨૫ રૂપિયા વસૂલવા સૂચન કરાયું હતું. જે પણ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ફગાવી દેવામાં આવ્યો છે.જાહેર પરિવહન મજબૂત કરી પરિવહન સુવિધાને ધ્યાનમાં રાખી ૧૦૦ નવી ઈ-બસ અને ૩૪ ઈલેક્ટ્રિક બસ ફાળવવાની જાહેરાત કરવામાં આવી છે. નવી ૧૦૦ બસ માટે સ્માર્ટ સીટી એરિયામાં અટલ સરોવર ખાતે અંદાજીત રૂ.૭.૯૨ કરોડ ના ખર્ચે ઈ-બસ ચાર્જીંગ સ્ટેશન અને ડેપો બનાવવાનું આયોજન કરેલ છે. એટલું જ નહિ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે બસ સેવા શરૂ કરવામાં આવશે અને તેમાં અંઈ સિસ્ટમ નો ઉપયોગ કરવા માટે વિચારણા ચાલી રહી છે જેમાં મુસાફર દ્વારા પોતાની ટિકિટ બોર્ડિંગ સ્કેન કરી એપીકેશનમાં અપલોડ કરવામાં આવશે તો નજીકમાં તેમને ચોક્કસ સમય આપી પીકપ માટે સેવા કાર્યરત કરવામાં આવી શકે છે.

| ક્રમ | યોજના/પ્રોજેક્ટનું નામ | બજેટ જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | સ્કાય વોક/ફૂટ ઓવરબ્રિજ (ત્રિકોણબાગ, આત્મીય યુનિવર્સિટી પાસે, ક્રિષ્ના પાર્ક હોટલ, ગોંડલ રોડ ચોકડી પાસે) | ૧૦૦૬ |
| ૨ | શહેરમાં નવા અને મોડેલ એન્ટ્રી ગેઈટ(પ્રવેશદ્વાર) બનાવવા (કાલાવડ રોડ, ગોંડલ રોડ ચોકડી, ગ્રીનલેન્ડ, માધાપર ચોક, એસ.આર.પી. કેમ્પ પાસે, બેડી ચોકડી પાસે, ભાવનગર રોડ, વગેરે) | ૫૦૦ |
| ૩ | થીમ બેઝડ ઑક્સિજન પાર્ક વિથ મોડર્ન ફૂડ કોર્ટ(કાલાવડ રોડ પર, અવધ રોડ પાસે) | ૪૦૦ |
| ૪ | ૩ - નવી શાક માર્કેટ (સે.ઝોન-રેલનગર)(વે.ઝોન-લક્ષ્મીનગર)(ઇ.ઝોન-વોર્ડ નં.૪ સેટેલાઈટ ચોક પાસે) | ૩૦૦ |
| ૫ | ૨ - શાક માર્કેટનું નવીનીકરણ (સેન્ટ્રલ ઝોન-જ્યુબીલી શાક માર્કેટ)(ઈસ્ટ ઝોન-કનકનગર શાક માર્કેટ) | ૬૫૦ |
| ૬ | શ્રી રામનાથ મહાદેવ મંદિર બ્યુટીફીકેશન | ૨૫૦ |
| ૭ | વોર્ડ નં.૦૪માં ભગવતીપરામાં નવી હાઇસ્કુલના કમ્પાઉન્ડમાં રમતગમતની સુવિધા | ૧૦૦ |
| ૮ | વોર્ડ નં.૦૪માં બાકી રહેતા ટી.પી.રોડ પર ડ્રેનેજનું કામ પૂર્ણ કરી, મેટલીંગ કામ | ૧૭૧ |
| ૯ | વોર્ડ નં.૧૫માં અમુલ સર્કલથી નેશનલ હાઇવે સુધીના ૮૦ ફૂટ રોડનુ ડેવલપમેન્ટ | ૧૦૦ |
| ૧૦ | સૌપ્રથમ વખત પશુ દવાખાનું | ૧૦૦ |
| ૧૧ | "કેન્સરને કરીએ કેન્સલ" ૧) રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શાળાઓની વિદ્યાર્થીનીઓને સર્વાઈકલ કેન્સરની વેકસીન વિનામૂલ્યે ૨) મેમોગ્રાફી મશીન | ૩૦ |
| ૧૨ | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં એડવાન્સ મિલકતવેરો ભરપાઈ કરનાર દિવ્યાંગો તથા એકસ આર્મીમેન મિલકતધારકના નામે ૧ વૃક્ષનું વાવેતર. | ૧૦ |
| ૧૩ | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રાજકોટ શહેરમાં જન્મનાર પ્રત્યેક બાળકો/બાળકીઓના નામે ૧ વૃક્ષનું વાવેતર. | ૬૨૫ |
| ૧૪ | વોર્ડ નં.૧૨માં ટી.પી.૨૧માં બગીચા હેતુના અનામત પ્લોટ નં.૩૯માં નવો બગીચો | ૪૦ |
| ૧૫ | રેસકોર્ષ રિંગ રોડ પર કાયમી સુશોભન માટે LED ડેકોરેટિવ લાઈટીંગ | ૧૦ |
| ૧૬ | રેસકોર્ષ સંકૂલમાં આવેલ લોક વિજ્ઞાન કેન્દ્રના ઓડિટોરિયમનું નવીનીકરણ | ૧૫૦ |
| ૧૭ | લાખાજીરાજ શાકમાર્કેટ(ધર્મેન્દ્ર રોડ)માં ફ્રુટ માર્કેટ તેમજ હોકર્સ ઝોન | ૩૦૦ |
| ૧૮ | વોર્ડ નં.૦૩ માધાપર વિસ્તારમાં આવેલ આરોગ્ય કેન્દ્રનું આધુનિકરણ | ૨૫૦ |
| ૧૯ | વોર્ડ નં.૧૪ માં બોલબાલા રોડ, ગાયત્રીનગર પાસે નવો કોમ્યુનિટી હોલ | ૪૦૦ |
| ૨૦ | હેરીટેજ સિટી બ્યુટીફીકેશન(આશરે ૧૦૦ વર્ષ જુના એક રોડનું ડેવલપમેન્ટ) | ૨૦૦ |
| | કુલ | ૫૫૯૨ |

# વાંકાનેરના મકતાનપર ગામ નજીક કારમાંથી વિદેશી દારૂની ૧૩૧ બોટલ ઝડપાઈ



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તા. ૧૦ વાંકાનેર તાલુકા પોલીસ વાહન ચેકીંગમાં હોય ત્યારે શંકાસ્પદ આઈ-૨૦ કારને અટકાવવા પ્રયાસ કરતા કાર ચાલક કાર લઈને નાસી ગયો હોય ત્યારે પોલીસે કારનો પીછો કરતા કાર ચાલક કાર રેઢી મૂકીને ભાગી ગયો હોય ત્યારે પોલીસે કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની નાની-મોટી ૧૩૧ બોટલ મળી આવી હતી, ત્યારે પોલીસે કાર ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકા પોલીસ પાડધરા ગામ નજીક વાહન ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન શંકાસ્પદ આઈ- ૨૦ કાર રજી.નં.જીજે-૦૩-એમઆર-૪૨૨૭ ને અટકાવવાનો પ્રયાસ કરતા કાર ચાલક પોતાની કારને પુરપાટ ઝડપે હંકારીને આગળ નીકળી ગયો હતો જેથી પોલીસે કારનો પીછો કરતા કાર ચાલક કારને મકતનાપર ગામ પાસે આવેલ શીવ સ્ટોન પથ્થરની ખાણ પાસે જાહેર રોડ પર કારને રેઢી મુકીને નાશી ગયેલ હોય જેથી કારની અંદર ચેક કરતા વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ-૧૩૧ કિ રૂ.૫૩,૪૬૯/- તથા હ્યુન્ડાઈ આઈ-૨૦ કિ.રૂ.૪ લાખ ગણી કુલ કિ.રૂ. ૪,૫૩,૪૬૯/- ના મુદામાલ સાથે કારને રેઢી મુકી નાશી જતા કાર ચાલક વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પ્રોહીબીશન ધારા મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ટૂ-વ્હિલરની નવી સિરીઝ માટે તા.૧૭થી ઈ-ઓકશન

## GJ 03 PE તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન-સીલ્વર નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરવું




**મુખ્ય સમાચાર,રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા તમામ મોટર વાહન માલિકોને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં મોટર સાયકલ પ્રકારના વાહનોને લગતી GJ 03 PE સીરિઝનું ઓક્શન તા.૧૭/૦૨/૨૦૨૫ થી શરૂ કરવામાં આવનાર હોઈ GJ 03 PE તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન-સીલ્વર નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી onlinehttp://parivahan.gov.in/fancy "f online પર રજીસ્ટ્રેશન કરી ઓકશનમાં ભાગ લઈ શકશે. જે માટે અરજદારોએ નીચે દર્શાવેલ પ્રક્રિયા તેમજ સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે. જેની નોધ લેવી. અરજદારે parivahan.gov.inવેબસાઈટ પર જવુ., વેબસાઇટ માં દર્શાવેલા ઓનલાઇન સર્વિસે પર ક્લિક કરવું. ત્યારબાદ fancy number bookingપર ક્લિક કરવું. જેમાં પબ્લિક યુઝર પસંદ કરી આઈ.ડી. બનાવવું. આઈ.ડી.બનાવ્યા બાદ સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભરવું.પસંદગીનો નંબર સિલેક્ટ કરી દર્શાવેલી ઓછાંમાં ઓછી ફી ભરવી. ઓનલાઇન ફી ભર્યા બાદ બિડિંગ એટલેકે હરાજીમાં ભાગ લેવો.હરાજીમાંનંબર મેળવ્યા બાદ ૫૩ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી.

હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ કચેરીએથી એપૂઅલ લઈ નંબર મેળવવો. વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ ફોર્મ ભરવાનું રહેશે.મોટર સાયકલની સીરિઝ J-03-PEsથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન-સીલ્વર નંબરનું ઓનલાઈન ઓકશન થશે. ઓકશનમાં ગોલ્ડન-સીલ્વર તથા રેગ્યુલર નંબર મેળવવા માટે તા.૧૭/૦૨/૨૦૨૫ સાંજે ૦૪:૦૦ કલાક થી તા.૨૩/૦૨/૨૦૨૫ સાંજે ૦૪:૦૦ કલાક સુધી ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા.૨૩/૦૨/૨૦૨૫ સાંજે ૦૪:૦૧ કલાક થી તા.૨૫/૦૨/૨૦૨૫ ના સાંજે ૦૪:૦૦ કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૨૫/૦૨/૨૦૨૫ સાંજે ૦૪:૧૫ ના રોજ પરીણામ ઓનલાઈન જાહેર થશે.

નોંધ. વાહન વેચાણ તારીખથી ૭ દિવસ ની અંદર સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભરેલ હોવું ફરજિયાત છે.સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહી.

# રાજયમાં સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ નિયમ ફરજિયાત :ડીજી વિકાસ સહાય



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત રાજ્યના ડીજી વિકાસ સહાય એ આજે એક લેખિત પત્ર પાઠવી રાજ્ય ના તમામ સરકારી અધિકારીઓ કર્મચારીઓ રાજ્યના જવાબદાર નાગરિકો તરીકે ઓળખ ધરાવે છે તેઓ બીજા નાગરિકો માટે રોલ મોડલ બને તેવી અપેક્ષા સાથે સરકારી કર્મચારીઓ માટે નિયમોનું પાલન ફરજિયાત પણે કરવાનું હોય જેથી ગુજરાત રાજ્યમાં હેલ્મેટ ના નિયમોનું અમલીકરણ કરાવવું ખૂબ જ જરૂરી છે કે જેથી રોડ અકસ્માત ના કારણે થતા મૃત્યુ અને ગંભીર ઈજાઓ ઉપર અંકુશ લાવી શકાય ગુજરાત રાજ્યમાં હેલ્મેટ ના નિયમોનું અમલ રાજ્યના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ કરે તે માટે તારીખ ૧૧ ૨ ૨૦૨૫ થી ગુજરાત રાજ્યના તમામ સરકારી કચેરીઓ ના પ્રવેશ દ્વાર પાસે ટ્રાફિક પોલીસનું ડ્રાઈવ ગોઠવી અસરકારક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે અને સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટનો કાયદો ફરજિયાત કરવામાં આવ્યો છે અંગે કચેરીના સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના પોલીસ મહાનિદેશક દ્વારા આ કામગીરી ઉપર રોજ રોજ સુપર વિઝન અને મોનિટરિંગ રાખવા તથા કામગીરી અંગે સમય અંતરે માહિતગાર કરવા અંગેની સૂચના આપવામાં આવી છે

# RTOના ૭૦૦ ટેક્નિકલ ઓફિસરો કામ પર પરત ફર્યા

## દોઢ દિવસમાં ૪ શહેરોમાં ૩૦૦૦થી વધુ અરજદારો પરેશાન થયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજ્યભરમાં RTOના મોટર વ્હીકલ્સ ડિપાર્ટમેન્ટના ટેક્નિકલ ઓફિસર એસોસિયેશન દ્વારા પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતા છેલ્લા કેટલાક દિવસથી અલગ અલગ રીતે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જેઓના પ્રશ્નોનો ઉકેલ લાવવા સરકાર તરફથી બાંયધરી અપાતા ઓફિસરો કામ પર પરત ફર્યા છે. આજે બપોરે ૧૨ વાગ્યા બાદ જે અરજદારોએ એપોઈન્ટમેન્ટ લીધેલી હશે તેઓની કામગીરી આજથી જ રાબેતા મુજબ થશે.

ટેક્નિકલ ઓફિસર સોમવારે ૫નો લોગિન ડેથ અભિયાન સાથે કામગીરીથી અળગા રહેતા એપોઈન્ટમેન્ટ લઈને આવેલા અરજદારો પરેશાન થયા હતા. આજે પણ તમામ ઓફિસરોએ માસ સીએલ પર જવાની ચીમકી આપી હતી. જો કે, ત્યારબાદ સરકારે પ્રશ્નોનો ઉકેલ લાવવા બાંયધરી અપાતા તમામ ઓફિસર કામ પર પરત ફર્યા છે. જો કે, દોઢ દિવસ દરમિયાન કામગીરી ખોરંભે ચડતા અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં ૩૦૦૦થી વધુ અરજદારોએ પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

દોઢ દિવસમાં અમદાવાદ આરટીઓ કચેરીમાં ૪૦૦થી વધુ અરજદારો ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેતા ટેસ્ટ ન આપી શક્યા. વસ્ત્રાલ આરટીઓ કચેરીમાં પણ ૨૦૦થી વધુ લોકો ટેસ્ટ ટ્રેક બંધ રહેતા ટેસ્ટ ન આપી શક્યા. ટેસ્ટ માટે ૧૨ વાગ્યા પછીની તમામ એપોઈન્ટમેન્ટ પર અરજદારો ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે.

રાજકોટના ૨૫ સહિત રાજ્યભરના RTO ઈન્સ્પેક્ટર અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર દ્વારા પડતર માંગણીઓને લઈને આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. જોકે હવે સરકાર તરફથી હકારાત્મક વલણ દાખવવામાં આવતા હડતાલ સમેટી દેવામાં આવી છે. જોકે દોઢ દિવસમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક અને લાઈસન્સ સહિતની સેવાઓ બંધ રહેતા ૧,૦૦૦થી વધુ અરજદારોને આરટીઓ કચેરી ખાતે ધરમ ધક્કો થયો હતો. કર્મચારીઓએ કાળી પટ્ટી પહેરી સરકારના વિરોધ સાથે કામ ચાલુ રાખ્યું હતું. ગઈકાલે ટેક્નિકલ અધિકારીઓએ No Login Day અભિયાન અંતર્ગત પોતાની કામગીરી બંધ કરી દીધી હતી. જેને કારણે ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પણ બંધ થઈ ગયો હતો અને આજે માસ ઈકને કારણે કામગીરી બંધ રાખવામાં આવી હતી જો કે હવે હડતાલ સમેટાઈ જતા ટેકનિકલ અધિકારીઓએ કામગીરી શરૂ કરી દેતા અરજદારોની મુશ્કેલી દૂર થઈ છે.

# ભારે ઉપદ્રવ વચ્ચે મચ્છરજન્ય રોગચાળો ગાયબ! ચાલુ વર્ષમાં કમળાનો પ્રથમ કેસ નોંધાયો

## આરોગ્ય શાખાના ચોપડા પર મેલેરીયા, ડેંગ્યુ, ચીકનગુનીયાના કેસ શૂન્ય : શરદી-ઉધરસના ૯૪૯, સામાન્ય તાવના ૮૦૦, ટાઈફોઈડના બે કેસ : ૪૪૮ આસામીને નોટીસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ઘણા દિવસોથી મચ્છરોનો આતંક વધી ગયો છે અને ઘરે ઘરે ઉપદ્રવ દેખાઈ રહ્યો છે ત્યારે મહાપાલિકાના ચોપડે એકાએક ફરી મચ્છરજન્ય રોગચાળાના આંકડા શૂન્ય થઇ ગયા છે. તો શરદી-ઉધરસ સહિતના સીઝનલ રોગચાળાના કેસમાં કોઈ મોટો ઘટાડો થતો હોય તેવું લાગતુ નથી. જયારે ચાલુ વર્ષમાં પ્રથમ વખત કમળા તાવનો કેસ પણ બહાર આવ્યો છે.

આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલા સત્તાવાર અહેવાલ મુજબ તા.૩-૨ થી ૯-૨ દરમ્યાન રાજકોટમાં મેલેરીયા, ડેંગ્યુ કે ચીકનગુનીયાના કેસ શૂન્ય છે. જયારે શરદી-ઉધરસના ૯૪૯, સામાન્ય તાવના ૮૦૦, ઝાડા-ઉલ્ટીના ૧૮૫ દર્દી નોંધાયા છે. ખતરનાક તાવ ટાઈફોઈડના ૨ ઉપરાંત ચાલુ ૨૦૨૫ના વર્ષમાં કમળાનો પહેલો કેસ નોંધાયો છે. આ વર્ષમાં ટાઈફોઈડના કુલ ૯૩૧ દર્દી નોંધાયા છે. છેલ્લા અઠવાડિયામાં સીઝનલ રોગચાળાના આ દર્દીઓનો આંકડો ૧૯૩૭ જાહેર કરવામાં આવ્યો છે. તો મચ્છર ઉત્પત્તિમાં બેદરકારી બદલ કુલ ૪૪૮ આસામીઓને નોટીસ પણ આપવામાં આવી છે.

મેલેરીયા શાખાએ જણાવ્યું છે કે ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે.

મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત કામ ચાલુ છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે સપ્તાહ ૨૭,૬૨૭ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૮૪૯ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે.

રાજકોટમાં સંવેદનશીલ અને મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વ્હિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ,



સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો પર તપાસ ચાલુ છે. તો બાયલોઝ અંતર્ગત રહેણાક સિવાય અન્ય ૬૧૪ પ્રીમાઈસીસમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૮૩ અને કોર્મશીયલ ૧૬૫ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું હતું.

# ઉના ખાનગી શાળામાં ટ્રાફિક સાઈબર ક્રાઈમ અને માસિક ધર્મ વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ ઉના**



ઊના પોલીસ અધિકારી મહેન્દ્રસિંહ રાણાનાં નેતૃત્વ હેઠળ શહેરની વિજય પબ્લિક સ્કૂલનાં વિદ્યાર્થી ઓ માટે ગુડ એન્ડ ટચ તેમજ ટ્રાફિક અને ઉંમર આધારીત કન્યા ને કુદરતી પ્રક્રિયા માસિક ધર્મ અંગે જાગૃતિ લાવવા અને ગંભીર બિમારી થી બચાવી શકાય તેવાં પ્રયાસ નાં ભાગ રૂપે સુંદર કાર્યક્રમ યોજાયો હતો

વિજય પબ્લિક સ્કૂલ નાં સંચાલક વિજયભાઈ જોષી દ્વારા ઊના પોલીસ અધિકારી મહેન્દ્રસિંહ રાણા નાં નેતૃત્વ હેઠળ એ એસ આઈ કિશનાબેન બેન ઝાલા દ્વારા સાઈબર ક્રાઈમ ને લગતી તમામ બાબતો ની વિસ્તૃત જાણકારી આપી હતી આ ઉપરાંત ખાસ કરીને ગુડ એન્ડ ટચ જેવી બાબતો પર ખાસ ધ્યાન પુર્વક સમજણ સાથે સ્વરક્ષણ બાબતે પણ જાગૃતતા લાવવા પ્રયત્ન કર્યો હતો

મહિલા પોલીસ કોન્સ્ટેબલ મનિષાબેન એન દ્વારા ટ્રાફિક ને લગતાં નિયમો તેમજ સિગ્નલો અને રસ્તા પર ચાલવા અને વાહનો નાં ઉપયોગ સમયે કાળજીપૂર્વક ટ્રાફિક પોલીસ ની ગાઈડ લાઈન હેઠળ નિયમો વિશે જાગૃત કરાયાં હતાં આ ઊપરાંત કાયદો વ્યવસ્થા અને નવાં કાયદા વિશે સંબોધન કરી કોઈ પણ મુશ્કેલી ઊભી થાય ત્યારે હેલ્પલાઈન નો ઉપયોગ કરીને પોલીસ ની મદદથી સમયસર સમસ્યા નું નિરાકરણ લાવી શકાય મહિલા ગાયનેક તબીબ ડો. પાયલ બેન છતાણી દ્વારા નાનાં બાળકો થી પુખ્ત વયના સમય દરમ્યાન ખાસ કરીને કન્યા નાં શરીર સંબંધો માં કુદરતી ફેરફાર થતાં હોય છે . અને કુદરતી માસિક સમસ્યા ઉભી થાઈ ત્યારે ઘરનાં કોઈ પણ ઉંમર લાયક મહિલા ને પોતાની સમસ્યા વિના સંકોચે બતાવી તાત્કાલિક તબીબ નો સંર્પક કરી વહેલી તકે તેની કાળજી પૂર્વક દવા મેળવી લેવી જોઈએ.

# ફરી હવામાન પલ્ટો : સવારે ગાઢ ધૂમ્મસ છવાયું

## રાજકોટ - જામનગર સહિત સર્વત્ર મોડી સવાર સુધી સૂર્યદેવતાનાં દર્શન ન થયા : સવારનાં ધૂમ્મસ સાથે ઠંડો પવન પણ ફુકાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજરોજ પણ ફરી હવામાન પલ્ટો સર્જાયો હતો.અને ઠેર-ઠેર આજે સવારે ગાઢ ધૂમ્મસ સાથે સૂર્ય દેવતા, મોડી સવાર સુધી ગાયબ રહ્યા હતાં. સાથો-સાથ તાપમાન પણ ઉંચકાતા ઠંડી પણ સામાન્ય રહેવા પામી હતી.

આજે રાજયનાં દરેક સ્થળોએ તાપમાન ડબલ ડિઝીટમાં રહ્યું હતું.જો કે સવારે ધૂમ્મસ સાથે ઠંડો પવન પણ ફુંકાયો હતો.દરમ્યાન આજે સવારે રાજકોટમાં ૧૫.૮, વેરાવળમાં ૧૮.૭, અમદાવાદમાં ૧૪, વડોદરામાં ૧૫.૮, ભાવનગરમાં ૧૭.૬, ભુજમાં ૧૬.૭, ડિસામાં ૧૩.૪, દિવમાં ૧૨.૬, દ્વારકામાં ૨૦.૪, ગાંધીનગરમાં ૧૨.૫, કંડલામાં ૧૫.૬, નલિયામાં ૧૨, ઓખામાં ૨૦.૬, પોરબંદરમાં ૧૫.૫, અને સુરતમાં ૧૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

ઉપરાંત જામનગર શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮% જ શહેરમાં ગાઢ ધૂમમ્સ છવાઈ હતી અને શહેરમાં ફેબ્રુઆરી માસમાં આ પ્રકારની વધુ ધુમમ્સ કારણે શહેરના વાહન ચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા હતા જ્યારે લઘુતમ તાપમાનમાં એક ડિગ્રીના વધારા સાથે ૧૫.૫ ડિગ્રી તાપમાન પહોંચ્યું હતું.જ્યારે મહત્તમ તાપમાન ૩૧ ટકા નોંધાયું હતું પવનની ગતિ પ્રતિ કલાક ૩.૬ કિલોમીટર નોંધાઈ હતી.ઉલ્લેખનિય છે કે આજરોજ સવારે ધૂમ્મસનાં પગલે મોટાભાગના સ્થળોએ હવામાં, ભેજ ૭૦ થી ૯૦ ટકા ઉપર રહ્યો હતો.આથી મોડી સવાર સુધી ધૂમ્મસ છવાયેલું રહ્યું હતું.

# શાકભાજીના ભાવ તળીયે : એક મહિના પૂર્વે રૂ.૫૦ થી ૧૦૦ના કિલોના હવે રૂ.૫ થી ૨૦

## ટમેટા, કોબીજ જેવા શાકભાજી કરતા તો પશુનો ઘાસચારો મોંઘો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં શાકભાજીની ભરપુર લોકલ આવતા શાકભાજીના ભાવ તળીયે પહોંચી ગયા છે. એક મહિના પૂર્વે ૭૦ થી ૧૦૦ના કિલોએ વહેંચાતું શાકભાજી હાલ રૂા.૧૦ થી ૨૦ના કિલોએ વહેંચાય રહ્યું છે. હાલ યાર્ડમાં શાકભાજીની પુષ્કળ આવક થઈ રહી છે.

શિયાળાની શરૂઆતમાં શાકભાજીના ભાવ આસમાને હતા. શિયાળા પૂર્વે માવઠુ પડતા વાતાવરણ ખરાબ હોવાથી પાક બગડ્યો હતો જેના પરિણામે શાકભાજીની આવક ઓછી હતી અને ગુણવત્તા પણ સારી ન હોવાથી ભાવ પણ ઉંચા હતા, પરંતુ ત્યારબાદ કડકડતી ઠંડી પડતા શાકભાજીની મબલક આવક શરૂ થઈ ચૂકી હતી. છતાં ભાવ નીચા આવતા ૧૫ દિવસ લાગ્યા હતા.

શિયાળાની શરૂઆતના ૧૫ દિવસ બાદ શાકભાજીના ભાવમાં ઘટાડો થયો હતો અને હાલ ભાવ તળીયે પહોંચી ગયા છે. એક મહિના પૂર્વે વટાણા, ટમેટા, ભીંડો, લીંબુ, આદુ, બટેટા, મરચા રૂા.૫૦ થી ૧૦૦ કિલોએ વહેચાતા હતા. પરંતુ હાલ આ શાકભાજીના ભાવ રૂા.૧૦ થી ૨૦ના કિલો થઈ ગયા છે. કડકડતી ઠંડી પડવાથી બહોળા પ્રમાણમાં સારી ગુણવત્તાવાળા શાકભાજીની આવક થઈ રહી છે. હાલ યાર્ડમાં સંપૂર્ણ લોકલ આવક આવી રહી છે. વટાણા મધ્ય પ્રદેશથી આવી રહ્યા છે. મરચા, ગીસોડા, ગલ્કા, ગુવાર, ભીંડો ગુજરાતના અન્ય શહેરોમાંથી આવી રહ્યા છે. હજુ પણ ભાવ ઘટેલા જ રહેશે.

હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી છે. જો માવઠુ પડશે તો ફરી પાક બગડશે અને ભાવ ફરી વધવાની શકયતા છે. હાલ યાર્ડમાં લીંબુ રૂા.૧૦ થી ૩૫, બટેટા રૂા.૧૦ થી ૧૭, ડુંગળી રૂા.૬ થી ૨૦, ટમેટા રૂા.૩ થી ૫, કોથમરી રૂા.૩ થી ૫, રીંગણા રૂા.૧૦ થી ૨૫, કોબીજ રૂા.૨ થી ૫, ફ્લાવર રૂા.૫ થી ૧૫, ભીંડો રૂા. ૩૫ થી ૫૦, ચોળા સીંગ રૂા. ૫૦ થી ૭૦, વાલોળ રૂા.૧૦ થી ૧૫, દુધી રૂા.૫ થી ૧૦, ગાજર રૂા.૧૦ થી ૨૦, વટાણા રૂા.૨૦ થી ૩૦, મેથી રૂા.૫ થી ૧૫, આદુ રૂા.૩૦ થી ૩૫, મરચા ૧૦ થી ૩૦ રૂા.કિલોએ વહેંચાય રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

